# સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના વાઈસ પ્રેસીડન્ટ પદે પંકજ કુમારની નિમણુંક

ગાંધીનગર, તા.૧૭

એસોસીએશન ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અંડર ટેકિંગની અમદાવાદ ખાતે પ્રથમ વખત ૫૯મી વાર્ષિક કોન્ફરન્સ અને વાર્ષિક સાધારણ સભાની મીટીંગ તાજેતરમાં હોટલ પ્રાઈડ, જજીસ બંગલા રોડ અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ સંસ્થામાં સમગ્ર ભારતના ૬૨ જેટલા પબ્લીક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનો સભ્ય છે. જેમાં દેશનું એક નિગમ બીજા નિગમ સાથે માહિતીની આપ લે કરે છે અને આર્થિક રીતે પોષણક્ષમ સુવિધાજનક પરિવહન સેવા માટે તમામ નિગમોને જરુરી માર્ગદર્શન પુરું પાડે છે.

ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહારના ઉપા. અને વહીવટી સંચાલકશ્રી પંકજ કુમાર આઈએએસ દ્વારા નિગમનો ચાર્જ સંભાળ્યા બાદ તેઓની આગવી કુનેહ અને વીઝનથી ખુબ જ ટુંકા ગાળામાં નિગમના પરીવહન સંચાલન અંગે સુધારાલક્ષી નિર્ણયો લીધેલ છે. અને તેનો લાભ રાષ્ટ્રીય સ્તરે પરિવહન ક્ષેત્રના પ્રશ્નો, સુવિધા, આધુનિકરણ, સામાજિક જવાબદારીઓ વિગેરે બાબતે રાજય અને એસટી નિગમો તેમ કેન્દ્ર સરકારના વિભાગો સાથે સંકલનરૂપી ભૂમિકાની જવાબદારી અદા કરવા કોન્ફરન્સમાં હાજર રહેલ દેશના સમગ્ર પરિવહન સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા જી.એસ.આર.ટી.સી.ના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડીરેકટરશ્રી પંકજ કુમાર આઈ.એ.એસ.ની એ.એસ.આર.ટી.યુ.ના વાઈસ પ્રેસીડેન્ટ તરીકે બીનહરીફ વરણી કરેલ છે. આ નિર્ણયને સમગ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનોએ આવકારેલ છે તેમજ નિગમના અધિકારીઓ/કર્મચારીઓ ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે.

# નગરમાં પ્રજાપતિ મહિલા પાંખની રચના કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં મોટા પ્રમાણમાં પ્રજાપતિ સમુદાય વસવાટ કરે છે. સમાજની મહિલાઓ વિવિધક્ષેત્રે આગળ વધી નામના મેળવે તેવા હેતુ માટે શહેરમાં પ્રજાપતિ મહિલા પાંખની રચના કરવામાં આવી છે. સમાજની મહિલાઓને જોડાવા જણાવ્યું છે.

રાજ્યમાં મહિલા ઉત્થાન માટે સરકાર કટિબદ્ધ બની છે. સ્ત્રી સશક્તિકરણ હેઠળ મહિલાઓની આર્થિક અને સામાજીક ક્ષેત્રે પ્રગતિ કરવામાં આવી રહી છે. ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા સમાજની મહિલાઓ માટે પ્રજાપતિ મહિલા પાંખની રચના કરવામાં આવી છે.

મહિલા સંગઠન દ્વારા આગામી સમયમાં સમાજની મહિલાઓ પ્રગતિ કરે તેવા કાર્યો કરવામાં આવશે. સંગઠનમાં સમાજની મહિલાઓને જોડાવા લીલાબેન પ્રજાપતિ, મધુબેન પ્રજાપતિ, શિલ્પાબેન પ્રજાપતિ, સુર્યાબેન પ્રજાપતિ, વર્ષાબેન પ્રજાપતિનો સંપર્ક કરવા જણાવ્યું છે. તેમજ ઉપરોક્ત મહિલા અગ્રણીઓ દ્વારા સેકટરોમાં ગૃપ મિટીંગ પણ કરવામાં આવી રહી છે.

# પ્રાંતિજમાં ડમી કેસ પકડાયો

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ચાલી રહેલ એચ.એસ.સી.ની પરીક્ષા દરમિયાન એક ડમી વિદ્યાર્થી મળી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે ચાલી રહેલ ધોરણ-૧૨ની પરીક્ષા દરમિયાન અવરઓન હાઈસ્કુલમાંથી સુપરવાઈઝર દ્વારા તપાસ કરતા એક વિદ્યાર્થી ડમી નંબર મળી આવ્યો હતો જયારે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અવસાન નોંધ

ગાંધીનગર સ્થિત દેવશંકરભાઈ જે. રાજગુરૂના પુત્ર તેમજ સ્વર્ગસ્થ કિરીટભાઈ અને દિલીપભાઈના લઘુબંધુ અતુલ દેવશંકરભાઈ રાજગુરૂ ઉ.વ. ૫૨નું ૧૬ માર્ચના રોજ અવસાન થવા પામ્યું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૯ માર્ચ, ગુરુવાર સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન તેમના નિવાસ સ્થાન ફલેટ નં. ૧/૧ પરિમલ એપાર્ટમેન્ટ, સે-૭-બી, ગાંધીનગર ખાતે રાખેલ છે.

## શબ્દાવલી - ૫૬૭૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | |
| | ■ | | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | ૧૨ | | ■ | ■ | | ■ | ■ |
| ૧૩ | | | ■ | ૧૪ | | ૧૫ | ૧૬ |
| ■ | ■ | ■ | ૧૭ | ■ | ૧૮ | | |
| ૧૯ | ૨૦ | ૨૧ | | | ■ | ■ | |
| ૨૨ | | | | ■ | ૨૩ | | |

### આડી ચાવી

૧. દ્વાર, બારણું (૪)
૫. પાસે, નજીક (૩)
૮. જલસાની બેઠક, મેળાવડો (૪)
૯. મારવાનો તાંત્રિક પ્રયોગ(૩)
૧૦. પથારી, શૈયા (૨)
૧૧. દાન આપનાર, દેનાર (૩)
૧૩. ધનવાન, માલદાર (૩)
૧૪. જગ્યા, ફુરસદનો સમય(૪)
૧૮. કલમ કરીને ઉગાડેલ વૃક્ષ (૩)
૧૯. તાવ વગેરે કોઇક રોગ(૫)
૨૨. ઝરણું, અવિરતધારા (૪)
૨૩. તાર, દોરો (૩)

### ઊભી ચાવી

૧. ભપકામય, તેજોમય (૫)
૨. રજકણ, ધૂળ (૨)
૩. રક્ષક-પાલક (૫)
૪. જુસ્સો, તરવરાટ (૨)
૫. સમાજની સેવા કરનાર(૬)
૬. અમીર, એ નામની જાતનો માણસ (૨)
૭. ધનુષની દોરી (૩)
૧૨. મુસ્લિમની એક ન્યાત(૨)
૧૫. આજ પછીનો દિવસ (૨)
૧૬. તંબુ, શરગારેલ મંડપ (૪)
૧૭. હરણની માદા, એક છંદ(૩)
૧૯. શાળામાં ભણવાનો નિયત સમય (૨)
૨૦. પતિ, સ્વામી (૨)
૨૧. ઢોંસા બનાવવાનું સાધન(૨)

### શબ્દાવલી ૫૬૭૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) મેઘધનુષ્ય (૪) ડચકા (૬) નીતીનીયમ (૧૦) મહેનત (૧૧) દાદી (૧૩) રસ (૧૫) રાજકલમ (૧૭) રોલ (૧૯) ડોલ (૨૦) મતલબી

**ઊભી ચાવી :-** (૧) મેદની (૨) ધમની (૩) પાકા (૫) ચરોતર (૭) તિરંદાજ (૮) યમ (૯) મહેતલ (૧૨) દીકરો (૧૪) સરળ (૧૫) રાફડો (૧૬) મલમ (૧૮) બીલ

# ખંભીસરમાં ગૌચર અને ઘઉંના ખેતરમાં આગ લાગતા દોડધામ



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## ગ્રામજનોની સમય સુચકતાના લીધે મોટી હોનારત ટળી

(જય અમીન), મોડાસા, તા. ૧૭

મોડાસા તાલુકાના ખંભીસર ગામે બે દિવસમાં આગ લાગવાના બે બનાવ બનતા ગામમાં અફડાતફડી તેમજ દોડધામ મચી જવા પામી હતી. ગુરૂવારે સાંજના સુમારે પટેલ નારાયણભાઈ ધુળાભાઈના ખેતર નજીક આવેલ વીજતંત્રની ડીપી પાસેના તાર પવનના લીધે ભેગા થઈ જતા ધડાકા ભેર તણખા ઝરતા ગૌચરમાં ઉગી નીકળેલા ઘાસ સળગવા લાગ્યું હતું ત્યારે બાજુના ખેતરમાં કામ કરતા ખેડૂતની નજર પડતા બુમાબુમ કરતા આજુબાજુથી લોકો દોડી આવી આગને કાબુ કરી હતી જ્યારે શુક્રવારના રોજ પટેલ ભરતભાઈ હીરાભાઈના ખેતર ઉપરથી જતી વીજલાઈનના તાર અચાનક ભેગા થઈ જતા નીચે વીજલાઈન નીચે આવેલા ભરતભાઈ પટેલ અને ચંદુભાઈ રામાભાઈ પટેલના ઘઉંમાં આગ લાગી હતી.

જો કે આગ ભયાનક સ્વરૂપ પકડે તે પહેલા આજુબાજુ કામ કરતા અને રોડ પર જતા લોકો દોડી આવ્યા હતા ને આગને કાબુ કરી કાપણી કરેલા ઘઉંને બચાવી લેવાયા હતા. આજુબાજુથી દોડી આવેલા લોકોની સમયસુચકતાના લીધે મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી. ઘટનાસ્થળે ઉપસ્થિત લોકોના જણાવ્યાનુસાર વીજલાઈનમાં થતા ધડાકા રોકવા માટે મેઢાસણ ફીડરની લેન્ડલાઈન ફોન પર ૧૫ થી ૨૦ મીનીટ સુધી સતત ફોન કર્યા હોવા છતાં ફીડરમાં કોઈએ ફોન ઉપાડવાની તસ્દી લીધી ન હતી. જો કે આજુબાજુના લોકોની સમય સુચકતાના લીધે હાલ તો ખેડૂતનો પાક બચી ગયો પરંતુ લોકોએ વીજતંત્રની કામગીરી પર રોષ વ્યક્ત કર્યો હતો.

# તલોદમાં દારૂ બંધ થતાં મહિલાઓ બાધા માનતાઓ કરવા ધાર્મિક સ્થળોએ

## દારૂનુ દુષણ અટકાવવા પ્રજાના તમામ પ્રયત્નો નિષ્ફળ, પરંતુ જાંબાજ અધિકારી જ આ બદીને ડામી શકે તે પુરવાર થયું

તલોદ,તા. ૧૭

રાજ્યના પોલીસ બેડામાં ઉચ્ચ અધિકારીઓની થયેલી બઢતી-બદલીના દોરમાં સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને ગાંધીનગરના રેન્જ આઈ.જી. પણ બદલાયા છે. અને આ રેન્જી આઈ.જી.એ પદભાર સંભાળતા જ પોતાની રેન્જમાં થતી ગુનાખોરી અને દારૂની બદીને ડામવા કડક હાથે કામ લીધુછે. જેથી હાલમાંઆ ચાર જિલ્લામાં દારૂનુ વેચાણ સદંતર બંધ થઈ ગયું છે. જેના પ્રત્યાઘાત સ્વરૂપે તલોદમાં મહિલાઓએ રાખેલી બાધા અને માનતાઓ પુરી કરવા હાલ ધાર્મિક સ્થળોના શરણે પહોંચી છે. અને જિલ્લાને પ્રાપ્ત થયેલા એક ઈમાનદાર અધિકારી માટે ભગવાનનો પાડ માની રહી છે. જો કે બંધ બારણે વેચાતા ઉંચા ભાવના દારૂની હાટડીઓ પણ બંધ થઈ જાય તેવી માંગ કરી રહી છે.

ગાંધીનગર વિભાગના રેન્જમાં આવતા જિલ્લાઓમાં રેન્જ આઈ.જી. હસમુખભાઈ પટેલ દ્વારા દેશી-વિદેશી દારૂ તથા અન્ય ગુનાખોરી ડામવા ગંભીરતાથી પગલાં લઈ રહ્યા છે. જેથી તમામ સ્થળોએ દારૂનું વેચાણ અટકી જવા પામ્યુ છે. આ દારૂના અડ્ડા અને વેચાણ બંધ કરવા પ્રજાજનો દ્વારા અત્યાર સુધી તમામ પ્રયત્નો કર્યા હતા. પરંતુ પરિસ્થિતિ યથાવત જ રહેતી હતી. પરંતુ જાંબાઝ રેન્જ આઈ.જી. હસમુખભાઈ પટેલના કડક વલણથી આ બદી દૂર થયાના સંજોગો સર્જાયા છે. જે કારણે તલોદમાં પોતાની ઘર ગૃહસ્થીને જાળવવા મહિલાઓએ અનેક બાધાઓ અને માનતાઓ રાખી હતી અને દારૂબંધ થઈ જાય તે માટે પથ્થર એટલા દેવ કર્યા હતા. જે રેન્જ આઈ.જી.ના સરાહનીય પ્રયત્નોથી દારૂ બદી અટકી ગઈ છે. જેથી આ મહિલાઓ હાલમાં બાધા-માનતાઓ પુરી કરવા ધાર્મિક સ્થળોના શરણે પહોંચી અને ભગવાનનો પાડ માની રહી છે.

જો કે કેટલીક મહિલાઓ હજુ પણ ખાનગીમાં ચાલતા આ દારૂના વેચાણથી નારાજ છે અને રેન્જ આઈજી આ અંગે અચાનક જ તપાસ હાથ ધરે તો પોલીસની સંડોવણી પણ બહાર આવવાની શક્યતા છે. છતાં પણ રેન્જ આઈ.જી. ઓફીસ દ્વારા રેન્જ કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. જેમાં જણાવેલ ટેલીફોન નંબર અને સરનામે સંપર્ક કરવા પ્રજાજનોને ભારપુર્વક જણાવાયુ છે. તલોદમાં દારૂનુ દુષણ હદ વટાવી ગયુ હતુ અને મહિલાઓ અને બાળકો ત્રાહીમામ પોકારી ગયા હતા. જેઓ હાલ હાશકારો અનુભવી રહ્યા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂનું વેચાણ પોલીસના કેટલાક ખાનગી વચેટીયાઓ દ્વારા હાલમાં ચાલતુ હોવાના બળાપા મહિલાઓ કાઢી રહી છે જેની કડક હાથે તપાસ થાય તે સંજોગો મુજબ ઈચ્છનીય બન્યું છે.

## તલોદ નજીક પુંસરી પેટાપરા ગામ ભરડીયાના ખેતરમાંથી દારૂ મળ્યો

તલોદ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સર્વશ્રેષ્ઠ ગામ પુંસરીના પેટાપરા ભરડીયા ગામના એક ખેતરમાં ખોડામાં દાટેલો વિદેશ માર્કાનો ઈંગ્લિશ દારૂ પોલીસે હસ્તગત કર્યો હોવાના સમાચાર મળવા મળ્યા છે. દારૂના જથ્થામાં બીયરનો જથ્થો પણ પ્રાપ્ત થયો હોવાનું કહેવાય છે. ભરડીયા પંથકના ગૌચર નજીક એરંડાના ખેતરમાંથી આ જથ્થો મળી આવ્યો છે. આ સંતાડેલો દારૂ અને બીયરનો જથ્થો એક ભાઈ કાઢતો હોવાનું જણાતાં તેને પકડ્યો હતો, તેનું નામ સતીષસિંહ ભૂપતસિંહ પરમાર હોવાનું જાણવા મળે છે. દારૂનો ધંધો કરતો પોલીસ દફતરે નોંધાયેલ મુખ્ય કહેવાતા આરોપી મહેશસિંહ મગનસિંહ પરમાર હાથમાં આવ્યો નથી. આશરે રૂ. ૨૭૦૦૦ નો કહેવાતો મુદ્દામાલ સાથે એક ભાઈની ધરપકડ કરી છે. તલોદ પો. સ્ટે.ના આઉટ પોસ્ટ પુંસરી નજીક ભરડીયાથી દારૂ-બિયર પકડાતા પોલીસ પણ ચોકી ઉઠી છે.

## ક્રૂડ ઓઈલ રોયલ્ટીના

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સરકારે કુડ ઓઈલ રોયલ્ટીના મામલે થઈ રહેલા અન્યાય સામે ન્યાયિક રાહે લડત આપવા વડી અદાલતના દ્વારા ખટખટાવ્યા. ન્યાયિક ફેંસલામાં ગુજરાતના સત્યનો વિજય થયો અને વડી અદાલતે કેન્દ્રને ગુજરાતના કુડ ઓઈલ રોયલ્ટીના નીકળતા નાણા ચૂકવી આપવા આદેશ કર્યો હતો. પરંતુ સાંચ કો આંચ નહી તેમ ગુજરાતની ન્યાયિક અને સાચી માંગણીને સર્વોચ્ચ અદાલતે પણ મંજૂર રાખી કેન્દ્ર સરકારને તાત્કાલિક ધોરણે હાલમાં વેચાતા કુડ ઓઈલ ઉપર જૂની ફોર્મ્યુલા અટલે કે અટલજીની સરકારે ઘડેલી નીતિ અનુસાર રોયલ્ટી ચુકવવા વચગાળાના હુકમથી આદેશ કર્યો આના પરિણામે ગુજરાતને માસિક ૨૦૦ કરોડનો ફાયદો થયો છે. ઊર્જામંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતને થતો અન્યાયનો સિલસોલો કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વ એન.ડી.એ. સરકાર સત્તામાં આવતા જ દૂર થયો છે. અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેમની દિલ્હી મૂલાકાત દરમ્યાન પ્રધાનમત્રીને કરેલી રજૂઆતોનો ત્વરિત સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. જેના ફલસ્વરૂપે સર્વોચ્ચ અદાલતનો અંતિમ ચૂકાદો આવતા સુધી રાહ જોવાના વિલંબ વિના ગુજરાતને ૩૧ માર્ચ-૨૦૧૫ સુધીમાં ૭૬૩ કરોડ કુડ ઓઈલ રોયલ્ટી પેટે ચૂકવી આપ્યા છે. અને આવનારા ૬ માસમાં વધુ ૮૦૦ કરોડ ચૂકવવાની ખાત્રી આપી છે.

## ભગાડવાના ગુન્હામાં

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પહોંચ્યા હતા સ્વીફટ કારમાં બેઠેલા આરોપી શૈલેન્દ્રસિંહને પકડવા જતા પ્રદિપસિંહે કારનો દરવાજો ખોલતા વેંત જ તેમને કારમાં ખેંચી લેવાયા હતા ત્યારબાદ ધર્મેન્દ્રસિંહ ભીખુસિંહ ચાવડા નામના શખ્સે કાર ભગાડી મુકી હતી. કારમાં ચિલોડા પોલીસ સ્ટેશનનો જવાન લાલસિંહ વિજાજી પણ હાજર હતો તેણે પણ આરોપી શૈલેન્દ્રસિંહને પકડવા આવ્યો હોવાનું જણાવ્યું હતું. પુન્દ્રાસણ પહોંચેલી કારમાંથી આરોપી શૈલેન્દ્રસિંહને અન્ય સાગરિતો ભગાડી ગયા હતા આ બનાવ સંદર્ભે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ હતી. આ કેસ ગાંધીનગરની ચીફ જયુ. મે.જી. કોર્ટમાં ચાલી જતા જજ જે.બી. પરીખે ચિલોડાના પોલીસ કોન્સ્ટેબલ લાલસિંહને ૧ વર્ષની સખત કેદ અને ધર્મેન્દ્રસિંહ નામના શખ્સને ૬ માસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# ઊંઝામાં સસ્તા અનાજની દુકાનોમાં વ્યાપક ગેરરીતિઓ થતી હોવાની બુમરાણ

ઊંઝા, તા. ૧૭

ઊંઝા તાલુકામાં પુરવઠાતંત્રની બેદરકારીને કારણે પંડિત દિન દયાલ ગ્રાહક ભંડારો અને રેશનીંગની દુકાનોમાં છેલ્લા ઘણા વખતથી ગેરરીતિઓ ચાલી રહ્યાની બુમરાણ ઉઠી છે અને સંચાલકો જથ્થાના વિતરણમાં ભારે ગોલમાલ કરી કેટલોક જથ્થો કાળા બજારમાં સગેવગે કરી તગડી કમાણી કરી રહ્યા હોવાનું ચર્ચાય રહ્યું છે.

ઊંઝા તાલુકામાં બી.પી.એલ. અનેએ.પી.એલ. કાર્ડ ધારકોને માટે ફાળવાતો કેરોસીન, ચોખા, ઘઉં તેમજ અન્ય ચીજોનો કેટલોય જથ્થો કાળાબજારમાં જતો રહે છે. કેરોસીન મેળવવા માટે વહેલી સવારથી લાઈનો લાગી જાય છે અને એક જ દિવસ પુરતી કેરોસીન વિતરણ કરવામાં આવે છે. બીજી બાજુ પરવાનેદારો જાતે દુકાનનુ સંચાલન કરતા નથી અને બીજા વ્યક્તિઓ જ સંચાલન સંભાળતા હોય પરવાનાઓનો પણ દુરઉપયોગ થઈ રહ્યો હોવાનું પણ કહેવાય છે. પરિણામે કેટલાક કાર્ડધારકો તેમને મળવાપાત્ર જરૂરી ચીજવસ્તુઓથી વંચિત રહે છે. આમ રેશનિંગની દુકાનોમાં ગેરરીતિઓ સામાન્ય બની ગઈ છે. તાલુકામાં કેટલીક મોડલ શોપની સ્થિતિ ખરાબ બની છે.

આ બાબતે ઉચ્ચકક્ષાએ તપાસ થાય તેવી કાર્ડધારકો ઉગ્ર માંગ કરી રહ્યા છે.

# ખેડબ્રહ્મા અંબાજી મંદિર પરિસરનું ૫૦ લાખના ખર્ચે નવીનીકરણ કરાયું

## અંબાજી મંદિર પરિસરમાં સુવિધાયુક્ત નવીન કામોથી માઈભક્તોમાં આનંદ

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા નાના અંબાજી અને બ્રહ્માના ખેડ તરીકે જગવિખ્યાત છે. વર્ષે દહાડે લાખો માઈભક્તો મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. મંદિરના વહીવટકર્તાઓ દ્વારા યાત્રાળુઓની સુવિધા અને મંદિરના વિકાસ માટે સુધારા-વધારાના કામોથી માઈભક્તોમાં આનંદ ફેલાયો છે.

સુવિધામાં વધારો કરવા તથા મંદિરના વિકાસ માટે હાલનું ટ્રસ્ટી મંડળ કટીબદ્ધ બન્યું છે. યાત્રાળુઓના રોકાણ માટેના ગેસ્ટહાઉસ તથા ધર્મશાળાઓનું રંગરોગાન કરાવી જરૂરી સુધારા વધારા સાથે સુવિધાયુક્ત બનાવવામાં આવ્યા છે. અંદાજે રૂ. ૫૦ લાખના ખર્ચે મંદિર પરિસરના તમામ માર્ગ ઉપર સીમેન્ટ બનાવવાનુ કામ પ્રગતિમાં છે.

આ ઉપરાંત ખેડબ્રહ્મામાં યોજાતા શુભ પ્રસંગોના આયોજન માટે બગીચાની જગ્યાએ પાર્ટીપ્લોટ બનાવવાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. મંદિરમાં દર્શનાર્થે આવનાર યાત્રાળુઓની સુરક્ષા માટે મંદિર ચોકમાં સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. મંદિર પરિસરમાં



ખેડબ્રહ્મા અંબિકાજી માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ જયદિપસિંહ અમરસિંહ રાઠોડ તથા મેનેજર ઘનશ્યામસિંહ રહેવરના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા નાના અંબાજી તરીકે જગવિખ્યાત છે અને ખેડવાળી મા અંબા લાખો માઈભક્તોની આસ્થાનુ પ્રતિક છે. ચૈત્ર અને ભાદરવી પૂનમે લોકમેળા યોજાય છે. જેમાં લાખો માઈભક્તો દર્શનાર્થે આવે છે જેથી આ માઈ ભક્તોની બ્લોક નાખવામાં આવ્યા છે. મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી વરતોલ મુડા માતાજીના મંદિર જવાના રસ્તે કોટ બનાવી વાયર ફેન્સીંગ કરી પાર્કીંગ પ્લોટની જગ્યાને સુરક્ષીત બનાવવામાં આવ્યો છે. દર્શનાર્થીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખી દર્શનાર્થે ઉભા રહેવાની જગ્યાએ શેડ તથા પગરખાં સ્ટેન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર ટ્રસ્ટની ગાયો માટે નવીન ગૌશાળા તાજેતરમાં ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન દ્વારા પોલીસ ચોકી પણ શરૂ કરવામાં આવી છે.

ખેડબ્રહ્મા અંબાજી મંદિરમાં યાત્રાળુઓની સુવિધા માટે થયેલા કામથી લાખો માઈભક્તોમાં આનંદ ફેલાયો છે. ખેડબ્રહ્માના રહીશો અને યાત્રાળુઓમાં મંદિર માટે શામળાજી મંદિર જેવો એક્શન પ્લાન બનાવી મંદિરમાં હજુ સુધારો કરાય તેવી લાગણી ફેલાવા પામી છે.

# હવે એક લાખનું સોનુ ખરીદવુ હશે તો ફરજીયાત પાનકાર્ડ આપવુ પડશે

સમગ્ર ભારતમાં જેમ્સ અને જ્વેલરી (જીએન્ડજે) ક્ષેત્રમાં વેપારને પ્રોત્સાહન તથા વિકાસ માટે કામગીરી કરતા રાષ્ટ્રીય સ્તરના વ્યાપારિક મહાસંઘ-ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશને (જીજેએફ) રૂ. એક લાખથી વધુના કોઈ પણ વ્યવહાર ઉપર પાનકાર્ડની શરત લાદવા અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે. આ શરત વ્યવહારિક નથી અને તે ગ્રામીણ ખરીદદારો પૈકીના ૭૦ ટકા લોકો સાથે ભેદભાવ કરશે, કેમ કે તેઓ કરવેરાના વ્યાપથી બહાર છે તથા પાનકાર્ડ ધરાવતા નથી. ઊંચી આયાત ડ્યૂટીએ દાણચોરીને પ્રોત્સાહન આપ્યું છે તથા આ નવા પગલાથી કોઈ પણ રીતે કાળા નાણાંનું સર્જન અટકશે નહીં. સોના પરની ડ્યૂટીને ઘટાડવામાં થઈ રહેલા વિલંબથી આપણાં જ અર્થતંત્રને નુકસાન થશે, કેમ કે કાળા નાણાંનું સર્જન થશે અને તેનું સોનામાં રોકાણ થશે. સરકારે વેપારને વધુ અનુકૂળ હોય એવી નીતિઓ લાવવાની આવશ્યકતા છે, જેમાં ઉદ્યોગો વિકાસ સાધી શકે અને આપણાં અર્થતંત્રને આગળ લઈ જવા માટે વિકાસ સાધી શકે. સરકારે પોતાની બજેટ દરખાસ્તોમાં ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ તથા જ્વેલરી ક્ષેત્રને સરકારના 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમ હેઠળ લાવવા સહિતના વિવિધ નવા પગલાઓનું જીજેએફ સ્વાગત કરે છે. આ ફેડરેશન નીતિમાં ૮૦:૨૦ના નિયમની નાબૂદી અને વેપાર જગત માટે ગોલ્ડ લોનના દરવાજા ખોલવા જેવા વિવિધ સકારાત્મક ફેરફારને પ્રોત્સાહન આપવા માટે પણ સરકારનું આભારી છે.

જીજીએફના ચેરમેન હરેશ સોનીએ જણાવ્યું છે કે, 'પાન કાર્ડની આવશ્યકતા હજારો ગ્રાહકોને જ્વેલરીની ખરીદી માટે હતોત્સાહ કરશે, કેમ કે ખાસ કરીને ગ્રામીણ ભારતમાં ખેતીવાડી અને ખાનગી કારોબારમાં સક્રિય રહેલા લોકો પૈકીના ઘણાં પાસે પાન કાર્ડ ન હોઈ શકે. અમને પહેલેથી જ રૂ. બે લાખ કે તેથી વધુના બુલિયનના વેચાણ પર અને રૂ. પાંચ લાખ કે તેથી વધુની જ્વેલરીના વેચાણ પર ટીસીએસની શરત લાગુ પડે છે. તે જ્વેલરીના ગ્રામીણ ખરીદદાર પૈકીના ૭૦ ટકા લોકો સાથે ભેદભાવ ઊભો કરશે, કેમ કે તેઓ કરવેરાની શરતોમાં આવતા નથી અને તેઓ પાનકાર્ડ ધરાવતા નથી. કાયદા અનુસાર આ વ્યાજબી અને ન્યાયોચિત નથી, કેમ કે તે ભેદભાવ સર્જવા સમાન છે.'

**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ**

**બ્લોક નં. ૭/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

**જાહેર નિવિદા**

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે**

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરની કચેરી માટે વિવિધ પ્રકારની કામગીરીની સેવાઓ પુરી પાડવા માટે કોરા ટેન્ડર ફોર્મ આ બોર્ડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૭, બીજો માળ, ગાંધીનગર ખાતેથી રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર)ની કિંમતનો ડીમાન્ડ ડ્રાફ્ટ 'સભ્ય સચિવ સહ સયુંક્ત પશુપાલન નિયામક, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર'ના નામનો રજૂ કરવાથી તા. ૩૦/૩/૨૦૧૫ સુધીમાં ઉપરોક્ત સરનામેથી કચેરીના કામકાજના સમય દરમિયાન મળી શકશે. ભરેલા ટેન્ડર ફોર્મ જરૂરી અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMDની રકમ સાથે તા. ૭/૪/૨૦૧૫ના સાંજેના ૬:૧૦ વાગ્યા સુધીમાં ઉપરોક્ત સરનામે આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. આ અંગેની અન્ય વિગતો કે માહિતી બોર્ડની કચેરી ગાંધીનગર ખાતેથી મહેકમ શાખામાંથી ઉપલબ્ધ થશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૭/૩/૨૦૧૫

સહી/-
સભ્ય સચિવ સહ
સંયુક્ત પશુપાલન નિયામક
ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ
ગાંધીનગર

માહિતી/૨૬૫૦/૨૦૧૪-૧૫

**જાહેર નિવિદા**

**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરા પાડવા અંગે**

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) માસીક તથા ઓન-કોલ માટે પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૩૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૨૫-૩-૨૦૧૫ સુધીમાં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની કચેરી, બ્લોક નં. ૧૮, ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરની કચેરી ખાતેથી અરજી સાથે રૂ.૧૦૦/- રોકડા તથા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની કચેરીના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત કચેરીને તા. ૬-૪-૨૦૧૫ના રોજ ૪-૦૦ કલાક સુધીમાં રજીસ્ટર્ડ એ.ડી. દ્વારા મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૮/૩/૨૦૧૫

ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ